સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાનાં

અમલ બાબત (ચોથો તબક્કો)

ગુજરાત સરકાર,

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/૧૯/ભાગ-૧/ક-૨,

સચિવાલય., ગાંધીનગર.

તા.૨૮/૦૪/૨૦૧૧.

સંદર્ભ: (૧) સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/આઇબી/૮૭૯/૪૨૯/ક-૨/ તા.૦૧/૧૦/૨૦૦૯.

(૨) સરકારશ્રીના પત્ર ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/૧૯/ભાગ-૧/ક-૨, તા.૧૨/૦૧/૨૦૧૧.

(૩) સરકારશ્રીના પત્ર ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/૧૯/ભાગ-૧/ક-૨, તા.૦૨/૦૨/૨૦૧૧.

(૪) સરકારશ્રીના પત્ર ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/૧૯/ભાગ-૧/ક-૨, તા.૦૮/૦૪/૨૦૧૧.

પુર્વભુમિકા:

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિના માનનીય ચેરમેનશ્રીઓ તરફથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ૮૦:૨૦ યોજના તળે ચાલતા કામોમાં વધારે ગતિ આણવા તથા કેટલાક જરૂરી સુચનો માટે સામુહિક ચર્ચા કરી નિર્ણયો કરવા એક બેઠકનું આયોજન કરવા મા.મંત્રીશ્રી (જ.સં.) ને રજુઆત થયેલ. જેનાં અનુસંધાને માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અધ્યક્ષપણાં હેઠળ તા:૧૬/૧૨/૧૦ના રોજ કમિટી રૂમ, ૪ થો માળ, નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં મળેલ હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા મુજબની કાર્યવાહી નોંધ સંદર્ભ-૨ હેઠળનાં તા.૧૨/૦૧/૨૦૧૧ થી ઇસ્યુ કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને કેટલીક બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

(૧) સ.પ..સ.યોજના હેઠળ રૂ.૭.૦૦ લાખ સુધીનાં ચેકડેમો સહભાગી ધોરણે બાંધવા અને રૂ.૭.૦૦ લાખથી વધુ કિંમતનાં ચેકડેમો સારી નામાંકિત અને અનુભવી સંસ્થાઓની દરખાસ્ત હોય તો તેમની પાસે અન્યથા ટેન્ડરથી બાંધવાનાં રહેશે.

(૨) અનુભવી અને આર્થિક રીતે સધ્ધર હોય તેવી સંસ્થાઓને મોટા ચેકડેમોના કામો હાથ ધરવા આમંત્રિત કરવા જોઇએ તેવી રજુઆત સંદર્ભે ઠરાવવામાં આવે છે કે વર્ષ ૨૦૦૦ પહેલાં ટ્રસ્ટ/મહાજન/સ્વૈચ્છિક સંસ્થા ચેરિટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ હોય, આર્થિક રીતે સધ્ધર હોય અને હાલ પ્રવૃતિ ચાલુ હોય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક પવૃતિ કરતા હોય, નિયમિત ઓડિટ કરાવેલ હોય તેમને કામોના અનુભવની ટેકનીકાલિટી ધ્યાનમાં લીધા વગર, રૂ.૧૦.૦૦ લાખ સુધીના કામ આપવાની સતા ચેરમેનશ્રીને આપવામાં આવે છે.

ફ્રેશ જુવાન ઇજનેરો (ફક્ત BE CIVIL / DCE) ને રૂ.૬.૦૦ લાખ સુધીનાં ચેકડેમનાં કામો આપવા. એક કામ સારુ કરે ત્યારબાદ બીજુ એક કામ આપવું.

(૩) ચેકડેમમાં વપરાતાં કોંક્રીટના કયુબ ટેસ્ટ સરકાર દ્વારા પ્રમાણિત લેબોરેટરી અથવા નજીકની પોલીટેકનીક અથવા ઇજનેરી કોલેજની લેબોરેટરીમાં એન.જી.ઓ.ને જાતે જઇ સર્ટીફીકેટ મેળવવાનુ હોવાથી તેમાં લાંબો સમય વેડફાય છે. આથી રૂ.૬.૦૦ લાખ સુધીની અંદાજી કિંમતના (નાના) ચેકડેમો માટે કયુબ ટેસ્ટ કરાવવામાંથી મુકિત આપવામા આવે છે.

(૪) સંપુર્ણ કામ પૂર્ણ થયા બાદ પ્રથમ રનીંગ બિલ લખવામાં આવે તો એન.જી.ઓ. ના નાણાં વધારે સમય રોકાઇ રહે છે. સારા કામના રનીંગ બીલનું પેમેન્ટ જ કરવું. જે તે કામ પ્રથમ મુલાકાત વખતે જ નબળુ જણાય તો ગુણવતા નિયમનના અધિકારીઓએ તે કામ નબળું હોવાનો સ્પષ્ટ અભિપ્રાય પ્રથમ મુલાકાત વખતે જ અથવા જે તે તબકકે જ આપી દેવો. નબળુ કામ બંધ કરાવી દેવું. સમગ્ર કામ પૂર્ણ થયા પછી તે કામ નબળુ હોવાનો અભિપ્રાય આપવો નહીં. પેમેન્ટની હાલની પધ્ધતિ યથાવત રાખવી.

(૫) ચેકડેમનુ સમગ્ર બાંધકામ પૂર્ણ થયે ગુણવત્તા નિયમનની ચકાસણી બાદ આખરી બિલ કરવાની જે જોગવાઇ છે તે બાબતે હવે અનામત છુટી કરવા કામ કરાવનાર લગત કાર્યપાલક ઈજનેરશ્રીએ તેમના હસ્તક પૂર્ણ થયેલ ચેકડેમોની સ્થળ મુલાકાતોની કામગીરી સપ્ટેમ્બરની શરુઆતમાં શરૂ કરીને ઓકટોબરના અંત સુધીમાં પૂર્ણ કરી દરેક ચેકડેમની ચકાસણી કરી લેવી. જે તે ચેકડેમોની ચકાસણી કામગીરી પૂર્ણ થયે ડીપોઝીટ છુટી કરવાપાત્ર જણાય તેવા ચેકડેમોના લગત પ્રાયોજકો / સ્વૈચ્છિક સંસ્થાઓની ડીપોઝીટ જે તે હવાલાનાં કાર્યપાલક ઈજનેરશ્રીના પ્રમાણપત્રના આધારે છુટી કરવી.

(૬) ચેકડેમની કામગીરી પૂર્ણ થયા બાદ ચોમાસામાં અતિશય વરસાદથી ઉપરવાસમાંથી પાણીના વહેણ સાથે આવતી રેતી ચેકડેમમાં ભરાઇ જતી હોય છે જે રેતી દૂર કરવાની કામગીરી / ડીસીલ્ટીંગનાં કામો S.O.R. ભાવે વગર ટેન્ડરે સંસ્થાને આપી શકાય નહીં. આ કામગીરી પ્રાયોગિક ધોરણે માત્ર ખેડૂતો જ લગત કાર્યપાલક ઈજનેરશ્રીની મંજૂરી મેળવીને કરી શકશે. સરકારશ્રી દ્વારા JCB ની ફાળવણી એક ચેકડેમ માટે વધુમાં વધુ પાંચ દિવસની કરવામાં આવશે. ટ્રેકટરો ખેડુતોએ ફાળવવાના રહેશે. ચેકડેમના ડુબાણ વિસ્તારમાં જ ખોદાણ કરવાનું રહેશે. ધંધાદારી વ્યક્તિ માટી ન લઇ જાય તેની કાળજી રાખવાની રહેશે. સમગ્ર કામની જવાબદારી કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે.

(૭) ત્રણ વર્ષ પહેલાં ટ્રસ્ટ / મહાજન / સ્વૈચ્છિક સંસ્થા ચેરિટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ હોય, સંસ્થાના ઉદ્દેશમાં જળસંચયના હેતુનો સમાવેશ થતો હોય, આર્થિક રીતે સધ્ધર હોય અને હાલ જળસંચયની પ્રવૃતિ ચાલુ હોય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક પવૃતિ કરતા હોય, નિયમિત ઓડિટ કરાવેલ હોય તે રજીસ્ટર્ડ સંસ્થાને સબંધિત ચેરમેનશ્રી માન્યતા આપશે.

(૮) એક જ સ્થળે ચેકડેમ બનાવવા પ્રાયોજકશ્રી અને ગ્રામ પંચાયત એ બંને કામ કરવા માંગણી કરે ત્યારે, પંચાયત પોતે જ કામ કરે એ શરતે ગ્રામ પંચાયતને અગ્રતા આપવી. ચુકવણાનો ચેક ગ્રામ પંચાયતના નામનો જ આપવાનો રહેશે.

(૯) હાલ નાના ચેકડેમની ઉંચાઈ ૨.૦ મીટર છે તેમાં વધારો થાય તો અમુક વિસ્તારમાં વધુ પ્રમાણમાં બેનીફીટ મળી શકે તેમ છે. જેથી તાંત્રિક-ભૂભૌતિક દ્રષ્ટિએ સાઈટ સારી હોય ત્યાં નાના ચેકડેમોની ઉંચાઈ ૨.૦ મીટરથી વધુ રાખી શકાશે. હયાત ચેકડેમની ઉંચાઈ વધારવાની માગણી પણ આર્થિક-તાંત્રિક દ્રષ્ટિએ સક્ષમ જણાય તો મંજૂર કરી શકાશે.

(૧૦) કેટલાક કિસ્સામાં ચેકડેમની અરજી કરતી વખતે અંદાજમાં જે સ્થળ ( Site Location) બતાવવામાં આવે છે તે ચેકડેમનાં બાંધકામ વખતે અલગ સ્થળે કરવામાં આવતું હોવાનું જાણમાં આવેલ છે. પ્રાયોજક / સ્વૈચ્છિક સંસ્થા મંજૂરી મળેલ સ્થળને બદલે અન્ય સ્થળે ચેકડેમ બાંધવા માંગતા હોય તો વૈકલ્પિક સ્થળ તાંત્રિક દ્રષ્ટિએ વધુ સક્ષમ હોય એ શરતે જૂની મંજૂરી રદ કરીને નવેસરથી અંદાજો બનાવી તાંત્રિક મંજૂરી તથા વર્ક ઓર્ડરો આપવાના રહેશે. નક્કી કરી આપેલ સ્થળે જો કામ ન કરવામાં આવે તો તેવા કામોનું ચુકવણું કરવું નહીં.

(૧૧) લોકેશન સારા ન હોવાને કારણે ચેકડેમોની અરજીઓ પેન્ડીંગ રહેલ હોય છે, જેથી બીજા નવા ચેકડેમો બનાવવા માટે નવેસરથી અરજીઓની પરવાનગી આપવાની જરૂરીયાત ઉભી થાય છે. સારા લોકેશન ન હોય તેવી અરજીઓ તુરત જ અમાન્ય કરી પ્રાયોજક / સ્વૈચ્છિક સંસ્થાને જાણ કરી દેવી. તાંત્રિક દ્રષ્ટિએ સક્ષમ સ્થળો માટે નવી અરજીઓ સ્વીકારવા હાલ કોઈ બાધ નથી.

( આર.વી.માલવિયા )
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ,
માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,.
માનનીય રાજ્ય કક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,
મા.અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ. (સૌ.અને કચ્છ વિસ્તાર)
મા.અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ. (ગુજરાત ક્ષેત્ર)
સચિવશ્રી, (જ.સં.) ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર.
મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી,
મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી,
અધીક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ.અને ક. વિભાગ, (તમામ)